# પાલનપુરના ખોડિયાર નગરમાં અસામાજિક તત્વોનો ત્રાસ

પાલનપુર ખોડિયાર મંદિર વિસ્તાર માં રહેતી એક વિધવાના પરિવાર પર હુમલો કરાતા વિધવા મહિલા રજુઆત માટે જિલ્લા પોલીસ વડા ની કચેરી એ દોડી ગઈ હતી. જ્યાં આ વિસ્તારમાં દારૂ અને જુગાર નો ધંધો કરતા માથા ભારે ઈસમો આના માટે જવાબદાર હોવાની રજુઆત કરી હતી.



પાલનપુરના ખોડિયાર મંદિર વિસ્તાર મા અસામાજિક તત્વો નો ત્રાસ યથાવત છે. ત્યારે બે દિવસ અગાઉ આ વિસ્તારના કેટલાક માથાભારે ઈસમોએ આ વિસ્તાર મા રહેતી વિધવા મહિલા ના ઘર પર હુમલો કર્યો હતો અને વિસ્તાર છોડી દેવા જણાવ્યું હતું જોકે આ વિધવાના બંને દીકરાઓ ને આ હુમલા મા ઈજાઓ પહોંચી હતી.જેની બે દિવસ સિવિલ માં સારવાર કરાવ્યા બાદ પણ આ વિસ્તાર ના માથાભારે ઈસમો ની ધમકીઓ ચાલુ રહેતા આખરે આજે આ મહિલા જિલ્લા પોલીસ વડા ની કચેરી ખાતે દોડી આવી અને માથાભારે ઈસમો ના ત્રાસ થી બચાવવા ની માંગ કરી હતી. જ્યારે પાલનપુર પૂર્વ પોલીસ કર્મી માથાભારે તત્વો ને છાવરતા હોવાના આક્ષેપો પીડિત મહિલાએ કર્યા હતા.



## ધરતીનો છેડો ઘર... ધોમધખતા તાપમાં ગદર્ભ સવારી કરનાર બાળક આનંદવિભોર

કહેવાય છે કે ધરતીનો છેડો ઘર પણ જેના માટે ધરતી જ ઘર હોય તેનું શું..? નીચે ધરતી, ઉપર આકાશ. માલધારીઓ પોતાના અને પરિવારના પાલન પોષણ માટે સતત વિહરતા રહેતા હોય છે. હાલ ધોમધખતા તડકામાં અંગ દઝાડતી ગરમીમાં માલધારી સમૂહ તેના પશુધન સાથે મોડાસાના જીવનપુર ગામ નજીકથી પસાર થતો કેમેરામાં કેદ થયો હતો. ગદર્ભ સવારી કરનાર બાળકના ચહેરા પર રહેલું હાસ્ય આજના કહેવાતા આધુનિક અને ડિજિટલ જમાનામાં લકઝુરિયસ એસી કારમાં ફરતા તણાવયુક્ત બાળકોના હાસ્ય અને ચહેરા કરતા વધુ પ્રફુલ્લિત જણાતું હતું. બાળકનો ફોટો ક્લીક કરતાજ કેમેરા સામે બાળ સહજ ધીર ગંભીર મુદ્રા ધારણ કરી લીધી હતી. જયારે ગદર્ભ સવારી કરાવનાર માતા મલકી ઉઠી હતી.

# ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વક્ફ બોર્ડ ડીરેક્ટરર્સમાં બાયડના મુસ્લિમ યુવાન અગ્રણીની નિમણુંક કરાઈ

બાયડ, તા. ૪

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડની રચના કરવામાં આવી છે. તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં રાજ્યના પ્રસરી હતી. આ વક્ફ બોર્ડના બોર્ડ ઓફ ડિરેકટર્સમા ગુજરાત રાજયસભાના સંસદ સભ્ય અહેમદભાઈ પટેલ સહિતના મુસ્લિમ સમાજના આગેવાનો છે.



મુખ્યમંત્રીએ અરવલ્લી જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા એવા બાયડના મુસ્લિમ યુવાન અગ્રણી સાજીદહુસેન એમ. મીરઝાનો સમાવેશ કરતા બાયડનગર અને મુસ્લિમ સમાજમા હર્ષની લાગણી આ ડિરેક્ટર્સમા બાયડના યુવાન અગ્રણી સાજીદહુસેન એમ. મિરઝાનો સમાવેશ થતા બાયડના અગ્રણીઓ અને સાથે અરવલ્લી મુસ્લિમ સમાજના અગ્રણીઓએ આ બદલ એમણે શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ખરીદાયેલ ડસ્ટબીનનો મુદ્દો ટૉક ઓફ ધ ટાઉન બન્યો

## નગરજનોને હલકી ગુણવત્તાવાળી ડસ્ટબીન પધરાવવામાં આવી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નગરપાલિકા ખાતે અગાઉની બોડી દ્વારા ડસ્ટબીનની ખરીદીને લઈને પ્રાંતિજ ખાતે મુદ્દો ટોપએન ટાઉન બન્યો છે. તો બીજીબાજુ બે ની જગ્યાએ એક ડસ્ટબીન અપાતાં ટેકસ ગ્રાહકોમાં રોષ જોવાં મળ્યો છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ગત વર્ષે અગાઉની બોડી દ્વારા સરકાર દ્વારા રાષ્ટ્રીય પર્વ યોજના અંતર્ગત આવેલ ગ્રાન્ટમાંથી રૂપિયા ૮,૪૦,૦૦૦ના ખર્ચે ૮૦૦૦ ડસ્ટબીન (વર્જીન પ્લાસ્ટીક)ની ખરીદી ૧૦ લિટરની ડસ્ટબીન (ડોલ)ની ખરીદી કરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા ૧૦૫ રૂપિયામાં એક ડસ્ટબીન ખરીદી કરવામાં આવી છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. પાલિકાની અગાઉની બોડી દ્વારા ખરીદી કરવામાં આવેલ ડસ્ટબીન હોલસેલ બજારમાં આ ડસ્ટબીન ૪૦ થી ૫૦ રૂપિયામાં મળતી હોવાની રાહ ઉઠવા પામી છે. તો સરકાર દ્વારા સુકો અને લીલો કચરા માટે એમ બે અલગ-અલગ ડસ્ટબીન રાખવાનું અને આપવાનું સુચના હોવા છતાં પ્રાંતિજ નગરપાલિકા દ્વારા હાલ તો પાલિકાવેરા ગ્રાહકોને માત્ર એક ડસ્ટબીન આપવામાં આવે છે તો બીજી બાજુ ડસ્ટબીન હલકી ગુણવત્તા વાળા અને તેની ખરીદી ઉચા ભાવે થઈ હોવા ને લઈને હાલ તો અનેક સવાલો ઉઠવા પામ્યા છે તો જો ખરેખર તપાસ થાય તો અગાઉની બોડી દ્વારા ખરીદી કરવામાં આવેલ ડસ્ટબીન વર્જીન પ્લાસ્ટીક છે કે નોન વર્જીન પ્લાસ્ટીક છે સહિતની વિગત બહાર આવે તેમ છે તો હાલ તો હલકી ગુણવત્તા વાળા ડસ્ટબીનની ખરીદી કરવામાં આવતાં ટેક્સ ગ્રાહકોને પણ ઘરે લઈ જઈને રોવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો સરકારની આવતી ગ્રાન્ટનો દુર ઉપયોગ પ્રાંતિજ નગરપાલિકાની અગાઉની બોડી દ્વારા કરવામાં આવ્યો હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે તેમ કહીએ તો નવાઈ નહીં.

### નવા ચૂંટાયેલ કોર્પોરેટર મોહસીનભાઇ છાલોટીયાનું શું કહેવું છે

અમારી અગાઉની બોડી દ્વારા છ મહિના પહેલા આ ડસ્ટબીનની ખરીદી કરવામાં આવી હતી અને ડસ્ટબીનનુ અત્યારે વિતરણ થઈ રહ્યું છે પણ જે તે સમયે ડસ્ટબીન ખરીદીને લઈને ભ્રષ્ટ્રાચાર થયો છે અને તે તપાસ થાય તે જરૂરી છે અને યોગ્ય રીતે કાર્યવાહી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

### નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઇ પટેલનું શું કહેવું છે

આ ડસ્ટબીન ત્રણ મહિના પહેલા ખરીદી કરવામાં આવી હતી અને હાલ ડસ્ટબીનનુ વિતરણ થઈ રહ્યું છે. હાલ અમને પણ લોકોની ફરીયાદો મળી રહી છે. અમે જે તે કંપની છે તેને ધ્યાન દોરીશું અને કંપનીને અમે નોટીસ પાઠવીશું અને ત્યારબાદ અમે આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરીશુ.



# પ્રાંતિજ પોલીસે બોભા પાસેથી દારૂ ભરેલ કાર પકડી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના બોભા પાસેથી પ્રાંતિજ પોલીસે હિંમતનગર જઈ રહેલ કારની તલાશી લેતાં કારમાંથી ૧૮૦ બોટલ દારૂ મળી આવતાં એકની અટકાયત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ વહેલી સવારે પેટ્રોલીંગમાં હતી તે સમયે પ્રાંતિજના બોભા પાસે રાજસ્થાન બાજુથી આવતી કાર નંબર-આરજે.૦૬.સીબી ૧૨૬૬ માં તપાસ કરતાં કારમાંથી વિદેશી કંપનીનો વગર પાસ પરમીટ ૧૮૦ બોટલ સીલબંધ જેની કિંમત ૯૦,૦૦૦ એક મોબાઈલ જેની કિંમત ૫૦૦ ગાડીની કિંમત ૩,૦૦૦૦૦ મળી કુલ ૩,૯૦,૫૦૦ તથા પકડાયેલ કંડકટર રોશનલાલ ઉર્ફે ભેરૂલાલ બાબુલાલ ઉ.વર્ષ ૩૦ ખારોલ, રાજસ્થાન તથા ભાગી જનાર કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




# જગાણા પાસે ચપ્પાની અણીએ ક્રેન ચાલકને લૂંટનાર ડફેર ઝડપાયો

પાલનપુર અમદાવાદ હાઈવે ઉપર જગાણાના પાટીયા પાસે એક માસ અગાઉ સવારે એક બિહારના ગોપાલગંજ તાલુકાના ચૌરાવે ગામના મહમદરજા સુલતાનઅહમદ શેખ રૂપિયા૧૬૨૦૦ના મુદ્દામાલની લૂંટ કરી નાસી ગયા હતા.

આ અંગે મહમદરજાએ



ક્રેન ચાલક રસોઈ બનાવી રહ્યો હતો. ત્યારે ત્યાં આવેલા અજાણ્યા ત્રણ શખ્સોએ ચપ્પા વડે હૂમલો કરી રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ કપડા મળી કુલ રૂપિયા ૧૬૨૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી છુટ્યા હતા. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં આ લૂંટના મુખ્ય સુત્રધારને પોલીસે ઝડપી લીધો છે. જામનગરથી ક્રેન લઈને પાલનપુર આવ્યા હતા. તેઓ એક માસ અગાઉ વહેલી સવારે જગાણા નજીક રસોઈ બનાવી રહ્યા હતા. તે દરમિયાન ત્યાં આવેલા અજાણ્યા શખ્સોએ ચપ્પા વડે હૂમલો કરી મહમદ રજાની આંગળીઓ ઉપર ઈજા પહોચાડી રોકડ રૂપિયા ૮૦૦૦, રૂપિયા ૫૦૦૦નો મોબાઈલ તેમજ રૂપિયા ૩૨૦૦ના કપડા મળી કુલ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય શખ્સો સામે ગૂનો નોંધી તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે લૂંટારૂઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં આ લૂંટનો મુખ્ય સુત્રધાર પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ગનવાડાના શરીફ નાગોદરદાસ હયાત (ડફેર)ને ઝડપી લીધો હતો.

# મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક રીક્ષામાંથી વિદેશી દારૂ ઝડપ્યો

## આરોપીની ધરપકડ એક આરોપી ફરાર : રીક્ષાના પાછળના ભાગે ગુપ્ત ખાનામાં સંતાડ્યો હતો શરાબ

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી કરોડો રૂપિયાના વિદેશી દારૂ અને કેફી દ્રવ્યોની હેરાફેરી કરી ગુજરાત રાજ્યમાં બુટલેગરો દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગુજરાતમાં ઘુસાડી યુવાધનને બરબાદીના પંથે ધકેલી કરોડો રૂપિયા ઉસેડી રહ્યા છે. દારૂબંધીની કડક અમલવારી કરાવવામાં રાજ્ય પોલીસતંત્ર નિષ્ફળ રહ્યું હોય તેવું લોકો અનુભવી રહ્યા છે. મોડાસા રૂરલ પોલીસે મંગળવારે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી ૬૬.૮ હજારનો રીક્ષામાંથી વિદેશી દારૂ ઝડપી પાડી અમદાવાદના બે બુટલેગરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-ઉદેપુર નેશનલ




હાઈવે પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીક મોડાસા રૂરલ પોલીસે પ્રોહિબિશન કામગીરી અંતર્ગત રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા શામળાજી તરફથી આવતી શંકાસ્પદ રીક્ષા (ગાડી.નં-જીજે૨૭ડબલ્યુ૫૭૮૧) ને અટકાવી તલાશી હાથ ધરતા રીક્ષાના પાછળ બનાવેલ ગુપ્ત ખાનામાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટની વિદેશી દારૂની બોટલો નંગ-૧૬૭ કિં રૂ. ૬૬૮૦૦નો જપ્ત કરી આરીફખાન કાદરખાન પઠાણ (રહે, ફસલનગર, દાણીલીમડા, અમદાવાદ) અને મકસુદમિયાં ઐયુબમિયાં ચૌહાણ (રહે, સદાકત સોસાયટી મિરઝાપુર અમદાવાદ) ની ધરપકડ કરી રીક્ષાની કીં. રૂ. ૭૦૦૦૦ તથા મોબાઈલ નં-૨ કી. રૂ.૨૦૦૦ તથા રોકડ રૂપિયા ૭૦૦ મળી કુલ કીં. રૂ. ૧૩૯૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ફરાર સીદીકભાઈ શેખ (રહે, જુહાપુરા અમદાવાદ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ટાકરવાડ રામપુરા માર્ગ પર અકસ્માતમાં બે યુવકોને ઈજા

પાલનપુર તાલુકાના ટાકરવાડાથી રામનગર જતા માર્ગ ઉપર પુરઝડપે પસાર થઈ રહેલા ટ્રેકટર નં. જીજે. ૮ બી. બી. ૬૩૪૧ના ચાલકે ગફલતભર્યુ ડ્રાયવીંગ કરી બાઈક નં. જી.જે. ૦૮.૦૪૫૨ને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં બાઈક સવાર પાલનપુર તાલુકાના કાણોદરના કમલેશભાઈ ખેમાભાઈ પ્રજાપતિ તેમજ અજયકુમારને ઈજાઓ થવા પામી હતી. જેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે કમલેશભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લાના માલપુર ખાતેની કાર્યરત રાજયની અગ્રીમ વૃક્ષ ઉછેર વનમંડળી દ્વારા રાજયના અનેકવિધ જિલ્લામાં ઔષધિય વનસ્પતિઓના મુલ્યવર્ધન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અરવલ્લી, સાબરકાંઠા, ખેડા, મહેસાણા જિલ્લામાં ગામેગામ બહેનોને એકત્રીત કરી ઔષધિય વનસ્પતિઓમાંથી કફ સીરપ, ઉકાળો, વિકસ બામ, ત્રિફલા અને રસાયણ ચુરણ જાતેજ ઘરે કેવી રીતે બનાવી શકાય તેનુ પ્રેકટીકલ જ્ઞાન અને વિસ્તૃત સમજ રાજયના વનપંડીત દિનેશ ઉપાધ્યાય, ઔષધીય તજજ્ઞ ડો. ભરત ઉપાધ્યાય અને પર્યાવરણ ટીમ દ્વારા આપવામાં આવ્યું. રાજયના ઔષધિય વનસ્પતિ બોર્ડના પ્રોજેકટ ઓફીસર મા. અવનીબેન યાજ્ઞીક, સહાયક યશ અગ્નીહોત્રીના સીધા માર્ગદર્શન હેઠળ યોજેલ બજારમાં મળતી મોઘીં દવાઓને બદલે સસ્તિ અને આળઅસર ન કરનારી ઔષધિય વનસ્પતિઓ જેવી કે શરીરના સાંધાના કળતર માટે ઉપયોગી નગોળ નામની ઔષધિય વનસ્પતિ, પથરીના દર્દ માટે પાનકુટી, સરદી-ઉધરસ માટે અરડુસી સહીત અનેકગણી ઔષધિય વનસ્પતિઓની વિસ્તૃત સમજ રાજયના વનપંડીત દિનેશ ઉપાધ્યાયે આપી હતી.



# જીવનદિપ મંદબુદ્ધિ શાળામાં વિશ્વ સ્વલીનતા દિવસ ઉજવાયો

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસામાં જીવનદિપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત જીવનદિપ મંદબુદ્ધિ શાળા ચલાવામાં આવી રહી છે. ૨ જી એપ્રિલના દિવસને વિશ્વ સ્વલીનતા (ઓટીઝમ) દિવસ તરીકે મનાવવામાં આવે છે. સામાન્ય રીતે આ દિવસે વિશ્વભરમાં સ્વલીનતા એટલે કે ઓટીઝમ રોગ અંગે જાગૃતિ કેળવાય અને જે લોકો તેનાથી પીડિત છે તેમની સારસંભાળ કેમ રાખવી તેને લગતા કાર્યક્રમો યોજવામાં આવે છે. જે અંતર્ગત આજે જીવનદિપ મંદબુદ્ધિ શાળામાં જિલ્લા બાળ સુરક્ષા એકમના સહયોગથી ઓટીઝમ ડે નું અયોજન કરવામાં આવ્યુ હતું.




આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા મંદબુદ્ધિ ધરવાતા બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી આવેલ મહેમાનોને પ્રભાવિત કર્યા હતા. આ પ્રસંગે મોડાસાના નામાંકિત વ્યક્તિઓ પધાર્યા હતા . જેમાં બાબુભાઈ ટાઢાએ આ શાળા પોતાનુ આગવુ મકાન બનાવી શકે તે માટે રૂ. ૩૩ લાખનું માતબર દાન આપ્યુ હતુ તેમજ મદની હાઈસ્કુલના પ્રમુખ સીરાજભાઈ ટીંટોઈયાએ રૂ. ૫૧ હજાર અને મોડાસા રોડ ટ્રાંસપોર્ટ તરફથી ૩૧ હજારનું દાન આપી આ સંસ્થાના ભગરીથ કાર્યમાં સહભાગી થયા હતા. આ ઉપરાંત નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન પટેલે શાળાની કામગીરીને બીરદાવી હતી તેમજ ઝુલ્ફીકારભાઈ મનવાએ પ્રસંગોનુસાર વકતવ્ય આપ્યુ હતુ. જિલ્લા બાળ સુરક્ષા એકમના અધિકારી બિહાલાએ હાજર રહી અયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં જીવનદિપ શાળાના સંચાલીકા નિલોફરબેન સુથારે અને તેમના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન અમ્માર ખાનજી કર્યુ હતું.